સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૪-૧૧-૨૦૧૪ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

:: :: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૨૨-૧૦-૧૪ ના પત્ર નં.સીમીસ/૮/૧૬ થી વિદિત થઈ તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાના સાઉથ-વેસ્ટ ઝોન વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૮૬ (સરસાણા-ભીમરાડ-ખજોદ) ને સરકારશ્રીના તા.૧૪-૮-૧૪ ના હુકમ ક્રમાંક :નરય-૧૪૨૦૧૪-૩૫૫૮-લ, થી સદરહુ નગર રચના યોજનાને પ્રસિધ્ધિ કરવા માટેની સમયમર્યાદામાં તા.૧૭-૮-૧૪ થી વધુ ત્રણ માસ એટલે કે તા.૧૭-૧૧-૧૪ સુધી વધારો કરી આપવામાં આવેલ હોય, જે ધ્યાને લેવા તથા મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૮૬ (સરસાણા-ભીમરાડ-ખજોદ) ને નીચે જણાવ્યા મુજબના સુધારા આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) મુજબ પ્રસિધ્ધ કરવા મંજુર કરવાનું તથા તે અંગે તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આ સાથે સામેલ પાર્ટ પ્લાન નં.૧ માં દર્શાવ્યા મુજબ મોજે સરસાણાના બ્લોક નં.૫, ૧, ૨૬૧, ૨૬૨, ૨૬૩ અને ૪૮,૪૬, ૬, ૮ ની વચ્ચેથી પસાર થતા ૧૨.૦૦ મીટરના રસ્તાના આયોજનમાં ફેરફાર કરી ૧૮.૦૦ મીટર પહોળાઈનો રસ્તો કરવાનું તથા મોજે સરસાણા, બ્લોક નં.૮, મુળખંડ નં.૮ સામે અંતિમખંડ નં.૮/એ અને ૮/બી સમાન ક્ષેત્રફળના ફાળવવા.

(૨) આ સાથે સામેલ પાર્ટ પ્લાન નં.૨ માં દર્શાવ્યા મુજબ મોજે ખજોદના બ્લોક નં.૪૭, ૫૦, ૫૧, ૫૨/પૈકી તથા ૯૦, મુળખંડ નં.૧૨૧, ૧૨૪, ૧૨૫, ૧૨૭ વાળી જગ્યાના આયોજનમાં તેને લાગુ ખજોદ ગામતળને ધ્યાને લઈ ફેરફાર કરી, ઓછા ક્ષેત્રફળવાળા રીઝર્વેશન નં.આર-૪૦ તથા આર-૪૧ અને રસ્તા પૈકીની જગ્યાને એકત્રિત કરી વધુ ક્ષેત્રફળવાળું એક જથ્થામાં મોટુ રીઝર્વેશન મળી રહે તે મુજબ આયોજન કરી સદર અંતિમખંડ "સ્કુલ અને પ્લેગ્રાઉન્ડ" ના જાહેર હેતુ માટે એપ્રોપ્રિએટ ઓથોરીટીને ફાળવવો.

ઠરાવ નં.૩૦/૨૦૧૪ સર્વાનુમતે મંજુર

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા.૧૧-૧૧-૨૦૧૪.